**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરમાં સેફટી ગાર્ડનું વેચાણ શરૂ

## ઉત્તરાયણની તૈયારીઓના ભાગરૂપે પતંગ-દોરીની સાથે દ્વિચક્રી વાહનચાલકોને દોરાથી બચાવતા સેફટીગાર્ડનું વેચાણ શરૂ



ગાંધીનગર, તા.૨૮

ઉત્તરાયણને હવે માંડ પંદર દિવસની વાર છે ત્યારે શહેરમાં ઉત્તરાયણની તૈયારી સાથે ઉત્તરાયણમાં સેફ રહેવાની તૈયારી થઈ રહી છે. ઉત્તરાયણમાં વાહન ચલાવતા દોરાથી બચવા શહેરમાં ટુ વ્હીલર પર ફીટ થતા સેફટી ગાર્ડનું વેચાણ શરૂ થઈ ગયું છે. દ્વીચક્રી વાહનો પર દોરો વચ્ચે આવતા જાનહાનીના ઘણા કિસ્સા નોંધાયા છે જે વાતને ધ્યાનમાં લઈ શહેરીજનો સેફટી ગાર્ડ પોતાના દ્વિચક્રી વાહનની આગળ ફીટ કરાવવા માટે સજાગ બન્યા છે.

ઉત્તરાયણ પર્વને લઈને શહેરમાં ઉત્સાહ જોવા મળે છે પરંતુ ઉત્તરાયણ તહેવાર આવે તેના અમુક દિવસો પહેલા જ શહેરમાં પતંગ દોરીનું વેચાણ શરૂ થઈ જાય છે સાથે પતંગ ઉડવાના શરૂ થાય છે આ પતંગ જયારે કપાઈને હવામાં ઉડતો હોય ત્યારે નીચે આવતા તે રસ્તા ઉપર ગમે ત્યાં પડે છે તે સમયની વચ્ચેના ગાળામાં રસ્તા ઉપર અવર જવર કરવા વાહનોની આડે પવનમાં ઉડતો દોરી સાથેનો પતંગ સમસ્યા સર્જે છે. જેનાથી અકસ્માત સર્જાવવાની સંભાવના રહે છે અને અનેક અકસ્માત પાછલા વર્ષમાં નોંધાયા છે ત્યારે દ્વિચક્રી વાહનોમાં આગળ સેફટી ગાર્ડ લગાવી દોરાને ગળામાં આવવાથી રોકી શકાય છે. શહેરમાં દ્વિચક્રી વાહનોની આગળ એક સેફટી ગાર્ડનો વાયર એ રીતે લગાવાય છે કે દોરા સાથે પતંગ વચ્ચે આવે તો પણ એ પહેલા આ વાયરમાં ભરાઈ જાય છે અને વાહનચાલકનો જીવ બચી શકે છે. આ સેફટી ગાર્ડ શહેરીજનો ઉત્તરાયણના થોડા દિવસો અગાઉ જ લગાવી સાવધાની વર્તતા હોય છે.

## વધતી ઠંડીના લીધે શહેરીજનો તાવ, શરદી અને માથાના દુ:ખાવાથી હેરાન

ગાંધીનગર, તા.૨૮

શિયાળાની આકરી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. દિન પ્રતિદિન ઠંડીનું પ્રમાણ વધતા કોલ્ડવેવના લીધે નગરના જન-જીવન પર વિપરિત અસર વર્તાઈ રહી છે. સામાન્ય રીતે ગુલાબી ઠંડીના દિવસો તબિયત બનાવવાની ઋતુ માનવામાં આવે છે પરંતુ હાલ ઠંડી આક્રમક બનતા વૃધ્ધો બિમાર વ્યકિતઓ અને બાળકોના આરોગ્ય પર વિશેષ અસર જોવા મળી રહી છે. ઠંડી વધતા જ શરદી, કફ, ઉધરસ, તાવ અને માથાના દુ:ખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલ જતા દર્દીઓની સંખ્યા પણ વિસ્તૃત જોવા મળી રહી છે. આ ઉપરાંત સિનિયર સિટિઝન અને મહિલાઓમાં સાંધાના દુ:ખાવા અને કમરના દુ:ખાવાની ફરિયાદો પણ વધી છે.

શહેરમાં ઠંડીનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે ત્યારે હાલમાં જ ઠંડી ૧૦ ડિગ્રી નોંધાઈ છે. શહેરમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે જેને લીધે બાળકોને કાનમાં પવન ભરાવવાની સમસ્યા વધી રહી છે. પહેરેલા એક સ્વેટરથી કામ ચાલતું નથી. બહેનોને કમર અને સાંધાના દુ:ખાવાની ફરિયાદ વધી ગઈ છે. નાના બાળકોથી લઈ વૃધ્ધોને પણ ઠંડીની તીવ્ર અસર વર્તાઈ રહી છે. વહેલી સવારે તથા સાંજ બાદ ઘરની બહાર કામ વગર નીકળવાનું નામ લેતા નથી. શરદી, તાવ, ઉધરસ, માથાના દુ:ખાવાના દર્દીઓની લાઈન દવાખાનમાં વધી ગઈ છે.



## સચિવાલયના સફાઈ કર્મચારીઓને ગરમ વસ્ત્રોનું વિતરણ

સચિવાલયના સફાઈ કર્મચારીઓની નિપુણતામાં વધારો થાય તે ઉદ્દેશ્યથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વેટર, ટોપી, સ્કાર્ફ સહિત ગરમ વસ્ત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ઘણા વર્ષોથી સચિવાલયના સફાઈ કર્મચારીઓને શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ લગભગ ૨૦૦ ભાઈઓ-બહેનોને વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં અરૂણ બુચ, શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી, ડૉ. પી.ડી. પટેલ, પૂર્વ આઈએફએસ દિનેશસિંહ ચાવડા, પૂર્વ કલેકટર બી.એ. શુકલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ખોરજ ગુંજન પાર્ટી પ્લોટ પાસેથી કારની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર - સરખેજ માર્ગ પર આવેલા ગુંજન પાર્ટી પ્લોટ પાસેથી ગત તા.૨૨ ના રોજ કારની ઉઠાંતરી થવા પામી છે. અમદાવાદનો પરિવાર પાર્ટી પ્લોટ ખાતે ફંકશનમાં આવ્યો હતો, ફંકશન બાદ પરિવાર રાત્રીના ૧૧ કલાકે ઘરે જવા માટે પાર્ટી પ્લોટની બહાર આવ્યો ત્યારે જોયું તો પાર્ક કરેલી કાર ગાયબ હતી. આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા કાર ન મળતા અડાલજ પોલીસ મથકે કાર ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતા વિજયભાઈ પટેલ ફંકશન હોવાથી ફેમીલી સાથે ખોરજ પાસે ગુંજન પાર્ટી પ્લોટમાં ગયા હતા. તેઓએ ગુંજન પાર્ટી પ્લોટની બાહર વૈષ્ણોદેવી મંદિરની સામેની બાજુ પોતાની કાર જી.જે.૦૧.એચ.કે.-૯૨૪૩ પાર્ક કરી હતી. રીંગ સેરેમની પતાવીને તેઓ રાત્રે ૧૧ વાગે બહાર આવ્યા હતા ત્યારે કાર ગુમ હતી. તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા કાર ન મળતા અડાલજ પોલીસ મથકે રૂ.૧.૩૦ લાખની કાર ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજનો પગલે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫

**દબંગ-૩**
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ (૩-ડી હિન્દી)**
૨.૨૫, ૧૦.૪૫

**મર્દાની-૨**
૧૨.૧૦, ૭.૩૫

**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૫.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫

**દબંગ-૩**
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ (૩-ડી હિન્દી)**
૧૦.૦૦, ૭.૪૦

**પતિ પત્નિ ઔર વો**
૧૦.૧૫

**મર્દાની - ૨**
૧૨.૩૫, ૫.૨૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ (હિન્દી)** ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

**દબંગ-૩**
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ (૩-ડી હિન્દી)**
૧૨.૦૦, ૬.૦૦

**મર્દાની-૨**
૧.૦૦

**પતિ પત્નિ ઔર વો**
૩.૦૦

## આજે ગાંધીનગરમાં

● વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૨૬મો સ્નેહ સંમેલન પારિતોષિક વાર્ષિકોત્સવ બપોરે ૨ વાગ્યાથી સ્ટાફ ટ્રેનિંગ ઈજનેરી કોલેજ હોલમાં યોજાશે.

● ભારત વિકાસ પરિષદ અને ગુજરાત મધ્ય પ્રાંત મહિલા પાંખ દ્વારા બપોરે ૩ વાગ્યે લગ્ન ગીતોત્સવ કાર્યક્રમ ચિલ્ડ્રન યુનિવર્સિટી સે-૨૦ ખાતે યોજાશે.

● અખિલ ગુજરાત ગઢવી ચારણ સમાજ ટ્રસ્ટ દ્વારા સ્વ. ભરતભાઈ કવિની સ્મરણાંજલિ સભા બપોરે ૩ થી ૬ દરમિયાન સે-૨૩ સ્થિત બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ ફાર્મસી કોલેજ ખાતે યોજાશે.

● ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે સે-૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા નામ-સર્વનામ-વિશેષણ વિષય આધારિત માર્ગદર્શન સેમિનાર બપોરે ૩ કલાકે સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાશે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા ચરેડી ઝૂંપડપટ્ટીની સગર્ભા બહેનોને ગરમ વસ્ત્રોનું વિતરણ



ગાંધીનગર, તા.૨૮

શિયાળાની કડકડતી ઠંડીથી બચવા હાલ શહેરીજનો સ્વેટર, જેકેટ જેવા ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે ત્યારે શ્રમિકો અને સ્લમ એરિયાના રહીશો માટે શહેરની ઘણી સેવાભાવી સંસ્થા ગરમ વસ્ત્રોનું દાન કરી રહી છે ત્યારે શહેરના જયોતિ મહિલા મંડળ દ્વારા રાધાકૃષ્ણ મંડળના સહયોગથી ચરેડી ઝૂંપડપટ્ટીની સગર્ભા બહેનોને ગરમ સ્કાર્ફ, પગના મોજા અને આવનાર બાળક માટે ઝભલા ટોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા તે વિસ્તારના બાળકોને ટોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, હર્ષાબા ધાંધલ, મનિષા વાડિયા, જયોતિબેન ઠકકર, મીનાબેન શાહ, શકુંતલાબેન શાહ, છાયાબેન, રાજશ્રી ગાંધી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## શેરથા ટોલટેક્ષ પાસેથી દેશી દારૂની હેરફેર કરતો શખ્સ પકડાયો

શેરથા ટોલટેક્ષ નજીક દેશી દારૂની હેરફેર કરતા શખ્સને અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. કલોલ તરફથી એકટીવા ચાલક દેશી દારૂ ભરીને અમદાવાદ તરફ જઈ રહ્યો છે. જેને પગલે પોલીસે શેરથા ટોલટેક્ષ પાસેથી જી.જે.૦૧.એલ.વી.-૦૯૮૦ નંબરનું સફેદ એકટીવા ઝડપી લીધુ હતું. એકટીવા ચાલકનું નામ પુછતા તે નાનુભા ચમનસિંહ સોલંકી (૪૫ વર્ષ હુડકો ચાંદખેડા) હોવાનું સામે આવ્યું હતું. તેની પાસેથી રહેલી થેલીમાં તપાસ કરતા દેશી દારૂની ૮ કોથળીઓ મળી આવી હતી. જેથી પોલીસે ૧૬ લીટર દેશી દારૂ અને એકટીવા મળી કુલ રૂ.૨૫,૩૨૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપી સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નવી બિલ્ડીંગમાં શૌચાલયોનું રીનોવેશન કામ હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલના નવા બિલ્ડીંગના શૌચાલયોનું રીનોવેશનનું કામ પીઆઈયુ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. હાલના સમયે તમામ વોર્ડના એક તરફના શૌચાલય બંધ કરી દેવામાં આવ્યા છે જયારે દર્દીઓને કોઈપણ જાતની અગવડ ના પડે તે માટે એક તરફના બાથરૂમ અને શૌચાલય વપરાશ માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.

સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. સિવિલની પાંચ માળીની ઓપીડી અને આઠ માળની બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાતી જોવા મળે છે. ત્યારે સિવિલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી છેલ્લા કેટલાક સમયથી લીફટમાં પાણી ભરાઈ જવા, શૌચાલય પાણી ટપકવું, ટાઈલ્સ તુટી જવી, પાણીના બગાડ સહિત ડ્રેનેજના પ્રશ્નો ઉદભવતા હતા. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા પીઆઈયુ વિભાગને રીપેરીંગ કામ માટે જાણ કરવામાં આવતી હતી. જેનો પગલે સીવીલના પીઆઈયુ વિભાગે તમામ પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તે દિશામાં કામ હાથ ધર્યુ છે. હાલના તબક્કે પીઆઈયુ વિભાગે નવી બિલ્ડીંગના તમામ વોર્ડમાં આવેલા શૌચાયલયોનો સર્વે કરીને શું શું રીપેરીંગ કરવાનું છે તે નક્કી કરીને કામ શરુ કર્યું છે. આઠ માળમાં તમામ વોર્ડના એક તરફના શૌચાલય બંધ કરીને સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. તો બીજીતરફ દર્દીઓને કે સગા-વ્હાલાઓને તકલીફનો સામનો ના કરવો પડે તે માટે એક તરફના તમામ શૌચાલય કાર્યરત છે. જયારે એકતરફના શૌચાલયનું સંપૂર્ણ રીપેરીંગ કામ પૂર્ણ થઈ જશે, ત્યારબાદ બીજી તરફના શૌચાલયનું સમારકામ હાથ ધરવામાં આવશે. જયારે નવી બિલ્ડીંગમાં નાની નાની સમસ્યાઓ અઢળક હતી તે તમામ સમસ્યાનો અંત આ રીનોવેશન બાદ આવી જશે તેમ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## ગાંધીનગરમાં ૧૬મી ફેબ્રુઆરીએ રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૨૮

ઓમ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રોહિત સમાજનો તૃતીય જીવનસાથી પસંદગી મેળો ૨૦૨૦ તથા પરિચય પુસ્તિકા વિમોચન તા. ૧૬મી ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં યોજાનાર છે.

આ પસંદગી મેળામાં ભાગ લેવા ઉત્સુક યુવક યુવતીઓ તથા સમાજના આગેવાનશ્રીઓને સેકટર-૬ જગદીશભાઈ પ્રિયદર્શી, મો.૮૩૨૦૭ ૧૯૭૧૬ બ્લોક નં ૭૬/૫ 'જ' ટાઈપ ગાંધીનગરથી મળશે તથા પરત કરવાના રહેશે. ફોર્મ પરત કરવાની તારીખ ૧૬મી જાન્યુઆરી છે.

આ સિવાય ગોવિંદભાઈ પરમાર (ઈટાદરા) પ્લોટ નં. ૫૪૦/૨ સે-૬-બી, વિઠ્ઠલભાઈ પરમાર સે-૩-સી પ્લોટ નં. ૫૬૧/૧, રમેશભાઈ ડી. પરમાર (વડસર) સે-૧૩ મો. ૯૮૯૮૭ ૩૩૧૫૫-ગાંધીનગર, અમીતભાઈ લેઉવા સે-૧૪ મો. ૯૭૨૭૨ ૬૬૫૦૬ તથા પ્રભુભાઈ પરમાર સેકટર-૩ મો. ૮૧૪૦૦ ૭૭૫૫૭ થી મળી શકશે.

## નિ:શુલ્ક યોગ તાલીમ વર્ગ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

છેલ્લા ૨૧ વર્ષથી યોગની તાલીમ તથા યોગના વર્ગોનું નિ:શુલ્ક સંચાલન કરતી સંસ્થા દિવ્ય જીવન સંઘ મુખ્ય મથક ઋષિકેષના પ્રખર યોગાચાર્ય સ્વામી ધર્મનિષ્ઠાનંદજી દ્વારા તા. ૮ થી ૧૪ જાન્યુઆરી સુધી નિ:શુલ્ક યોગ તથા યોગ તાલિમ વર્ગ યોજાશે.

આ શિબિર સે-૧૩ સ્થિત લીંબચ માતા મંદિર ખાતે સવારે ૬ થી ૭.૧૫ સુધી યોજાશે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાનના ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે નગરજનોને આ શિબિરમાં ભાગ લેવા સંસ્થાના ઉપપ્રમુખ અશ્વિન દવે દ્વારા જણાવાયું છે તથા રજીસ્ટ્રેશન માટે ૯૮૨૪૦ ૫૫૧૮૭, ૯૮૨૫૭ ૬૮૩૭૯ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. રમેશચંદ્ર કાન્તિલાલ દરજી, ઉ.વ. ૬૭
● સ્વ. ઉષાબેન વિનોદરાય સ્વાદિયા, ઉ.વ. ૮૫
● સ્વ. સાહેબસિંહ ઉદેસિંહ રાઠોડ, ઉ.વ. ૭૪
● સ્વ. ઈન્દ્રવદન શિવલાલ સોની, ઉ.વ. ૭૬
● સ્વ. મેલાભાઈ વિઠ્ઠલભાઈ ભરવાડ, ઉ.વ. ૪૮

# આર.જી. પટેલ કન્યા શાળા ખાતે યુવક મહોત્સવની ઉજવણી








ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળા સે-૨૩ ખાતે પૂ.દાસકાકા યુવક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પૂ. દાસકાકા યુવક મહોત્સવ અંતર્ગત વાનગી સ્પર્ધા, રંગોળી, મહેંદી, કેશગુંથન સ્પર્ધા સાથે વેસ્ટમાંથી બેસ્ટ, એકપાત્રિય અભિનય, લોકગીત જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં શાળાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની લગભગ ૧૩૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ઉપરાંત એક નવતર પ્રયોગ સ્વરૂપે શાળાના ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ વિભાગના જશુભાઈ સુતરીયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ તૈયાર કરેલ કલમ ૩૭૦ પ્રોજેકટનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના ગાર્ગીબેન ઠકકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ગિતેષભાઈ પટેલ દ્વારા સહઅભ્યાસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગના શૈલેષભાઈ પટેલ તથા શ્વેતાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.